**માધ્યમિક શિક્ષક, રિસર્ચ આસિસ્ટન્ટ, સિનિયર કલાર્ક PWDની જગ્યાઓ માટે અગત્યની સૂચનાઓ:**

**શિક્ષણ વિભાગના "દિવ્યાંગ ખાસ ભરતી ઝુંબેશ હેઠળ અધિક મહેકમ માટે જાહેરાત તથા ભરતી પ્રક્રિયા બાબત"ના પરિપત્ર મુજબ નાણા વિભાગથી મંજૂરી મળ્યાબાદ યુનિવર્સિટી દ્વારા નિમણૂક આપવાની કાર્યવાહી કરવામાં આવશે.**

1. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૦૮/૦૫/૨૦૨૬થી તા. ૦૮/૦૬/૨૦૨૬ દરમિયાન ફકત ઓનલાઈન અરજી કરવાની રહેશે અને યુનિવર્સિટી ખાતે અરજી હાર્ડકોપીમાં સ્વીકારવામાં આવશે નહિ.
2. **રાષ્ટ્રીયતા** :–
   ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૭૬ના નિયમ–૭ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.
3. **શૈક્ષણિક લાયકાત** :–
   જાહેરાતમાં માંગ્યા મુજબની જરૂરી શૈક્ષણિક લાયકાતની સંપૂર્ણ વિગતો ઉમેદવારે અરજીપત્રકમાં અવશ્ય દર્શાવવી તથા અરજીપત્રકમાં જણાવેલ લાયકાતના સમર્થનમાં ડીપ્લોમા/ડીગ્રીના પ્રમાણપત્રો અને/અથવા ગુણપત્રકની અચૂક અપલોડ કરવી

**4. શરતો :–**

1) શારીરિક અશક્તના અંગે સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૨૦૦૮–૪૬૯૫૪૦–ગ–૨થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપરીટેન્ડન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

5. **જન્મ તારીખ** :–
   ઉમેદવારે અરજી પત્રકમાં પોતાની જન્મ તારીખ દર્શાવીને જન્મ તારીખના તે પ્રમાણપત્રની નકલ અરજી સાથે બીડવી.
6. **વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ** :–
   તમામ ઉમેદવારોના કિસ્સામાં ગુજરાત સરકારના વખતો વખતના નિયમોને આધિન વયમર્યાદા જાહેર ખબરની ઓનલાઈન કરવાની અરજીની અંતિમ તારીખની સ્થિતિને ધ્યાને લેવામાં આવશે.
7. **પ્રોસેસિંગ/પરીક્ષાફી** :–
   ફોર્મ ભરતી વખતે તમામ ઉમેદવારોએ પ્રોસેસિંગ/અરજી ફી રૂ.૮૦૦/– **Online Payment** સીસ્ટમથી ભરવાના રહેશે. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહિં. ફી ભર્યા બાદ, રીફંડ કોઈપણ સંજોગોમાં મળવાપાત્ર નથી તેમજ ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહિં.
8. **ના વાંધા પ્રમાણપત્ર (No objection Certificate)** :–
   ''ગુજરાત સરકારશ્રીના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારી/કમર્ચારીઓ, ભારત સરકાર અથવા અન્ય રાજ્યોની સરકારના સરકારી/અર્ધસરકારી/સરકારી હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારી/કર્મચારીઓએ પોતાના વિભાગ/ખાતા/કચેરી મારફત "ના વાંધા પ્રમાણપત્ર" મેળવી ઓનલાઇન અરજીમાં જોડવાનું રહેશે.

9. **પસંદગી પ્રક્રિયા :-**

- માધ્યામિક શિક્ષકની પસંદગી માટે રાજય સરકારની જે-તે સમયની પસંદગી પ્રક્રિયા અનુસરવામાં આવશે.
- રિસર્ચ આસિસ્ટન્ટ અને સિનિયર કલાર્ક, ફિક્સ પગારની જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર ઉમેદવારે સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા તથા કૌશલ્ય પરીક્ષા કસોટીની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે
- લેખિત પરીક્ષા MCQ આધારીત રહેશે. જેમાં સામાન્ય જ્ઞાન, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી તેમજ અન્ય સંબધિત બાબતો રહેશે.
- લેખિત પરીક્ષા પાસ કરનાર ઉમેદવારે કૌશલ્ય પરીક્ષા આપવાની રહેશે.

## સામાન્ય સૂચનાઓ

1. શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, શારીરિક ખોડ-ખાંપણ અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ યુનિવર્સિટી માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્ષ નકલો સહીત) રજુ કરવાના રહેશે. એવા પુરાવા રજુ નહિં કરી શકનાર ઉમેદવારનું અરજીપત્રક જે તે તબક્કેથી ‘‘રદ્દ’’ થશે.
2. ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં તાજેતરનો ફોટો અપલોડ કરવાનો રહેશે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે. જો પરીક્ષા સમયે હાજરીપત્રકમાં તે જ ફોટો લગાવવાનો રહેશે તેમજ યુનિવર્સિટી માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે.
3. ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ દર્શાવે તે ચાલુ રાખવો ભાવિષ્યમાં યુનિવર્સિટી તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી સૂચનાઓ ઉમેદવારને અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર પર SMSથી કે ઈ-મેઈલમાં મોકલવામાં આવશે, તેથી અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર અને ઈ-મેઈલ બદલવો નહિં.
4. પસંદગી પામેલ ઉમેદવારને યુનિવર્સિટી જે કોઈ જવાબદારી સોંપશે તે નિભાવવાની રહેશે.
5. આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક યુનિવર્સિટી ઠરાવે તે શરતોને આધીન રહેશે.
   આ જાહેરાત કોઇપણ કારણોસર ‘‘રદ’’ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો, તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહિં.
6. યુનિવર્સિટીની વેબસાઇટ: www.cugujarat.ac.in નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ સૂચના આપવામાં આવે છે.

10. **યુનિવર્સિટી જે કોઇ ઉમેદવારને નીચે મૂજબની બાબતોમાં કે અન્ય બાબતોમાં દોષિત ઠેરવશે તો તેની ઉમેદવારી રદ્ધ કરવામાં આવશે.**

- જો ઉમેદવાર કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે યુનિવર્સિટીના કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે.
- બીજાનું નામ ધારણ કરવા માટે.
- બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે.
- બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે.
- યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છૂપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે.
- પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા યોગ્ય સાધનનો આશ્રય લેવા માટે.
- પરીક્ષા દરમિયાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્બારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે.
- લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે.
- OMR/ઉત્તરવહીમાં પોતાની ઓળખસૂચક કોઇપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરવા માટે.
- પરીક્ષા ખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણૂંક કરવા માટે.
- પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે.
- પૂર્વવતી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગીરી કરવા માટે. **અથવા**
- પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પત્ર થવા ઉપરાંત(ક) યુનિવર્સિટી, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે. અથવા(ખ)(૧) યુનિવર્સિટી સીધી પસંદગી માટે લેવાની કોઇપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઇપણ રૂબરૂ મુલાકાતમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ માટે ગેરલાયક/બાબત કરી શકશે.
- ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ/યુનિવર્સિટી દ્બારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપેઆપ રદ્ધ થવાને પાત્ર બનશે.

11. **<u>નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ્દ કરવામાં આવશે.</u>**

(આ યાદી માત્ર ઉદાહરણરૂપ સ્વરૂપે છે. જે સંપૂર્ણ નથી.)

- ઓનલાઈન અરજી કરેલ ન હોય.
- અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.
- અરજીમાં ઉમેદવારે સહી કે પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ ન હોય.
- ઉમેદવારે પૂરેપુરી ફી ન ભરેલ હોય.
- શારીરિક ખોડ–ખાંપણ અંગેનું પ્રમાણપત્ર ધરાવતા ન હોય.

આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને યુનિવર્સિટી કારણો આપવા બંધાયેલ નથી.

સ્થળ : ગાંધીનગર
તા.૦૮/૦૫/૨૦૨૬

રજિસ્ટ્રાર
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી
ગાંધીનગર